જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૪/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૬૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૨૧ લીટર દેશી દારૂ, ૩૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૩ બીયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૦,૩૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૭૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૪૭૧/૨૦૨૬**

નારણપુરાઃ ધીરેન્દ્ર ગોવિંદભાઈ ભાગોજી (ઉ.વ.૫૯)(રહે.આભુષણ કોમ્પલેક્ષ પલ્લવ ચાર રસ્તા નારણપુરા) એ તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૩/૨૦૨૬ સાંજના ૬/૩૦ થી રાતના ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટના ડ્રોઅરમાંથી સોનાનો હાર કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/–, સોનાની વિંટી કિમત રૂપિયા ૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પુ.પો.સ.ઇ.શ્રી ડી.બી.પરમાર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૪૭૨/૨૦૨૬**

કૃષ્ણનગરઃ સંજયભાઈ અરવિંદભાઈ પટેલ (ઉ.વ.૪૫)(રહે.સૂર્યદીપ બંગ્લોઝ સાયન્સ સીટી રોડ સોલા) તા.૦૧/૦૪/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ સામેથી કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગની સ્પ્લેન્ડર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ એ કાર નજીક આવી "તમે કેમ મારા પગ ઉપર તમારી ગાડી ચડાવી દીધી?" તેમ કહી સંજયભાઇ સાથે બોલાચાલી કરવા લાગેલ દરમ્યાન અન્ય એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સંજયભાઈની કારમાંથી બેગ ચોરી કરી લઈ નાસી ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૪,૬૮,૮૦૦/– મતા હતી. આ અંગેની ફરીયાદ સંજયભાઈ પટેલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આર.પુવાર ચલાવે છે.

સોનાનો દોરો/ચેઇન ખેચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૪૭૩/૨૦૨૬**

શાહીબાગઃ મંજુલતા વા/ઓ શાંતીલાલ જૈન (ઉ.વ.૫૯)(રહે.સમૃધ્ધી સોસાયટી અરીહંત ટાવર સામે શાહીબાગ) તા.૩૧/૦૩/૨૦૨૬ સાંજના ૪/૧૫ વાગ્યાના સુમારે શાહીબાગ રૂષીકા એપાર્ટમેન્ટ નજીક ઉભા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ મંજુલતાબહેન જૈનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨,૨૫,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ મંજુલતાબહેન જૈન એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

કૃષ્ણનગરઃ હિતેશભાઈ નરેશભાઈ મગનાની (ઉ.વ.૨૮)(રહે. અમન હાઈટસ નાના ચિલોડા નરોડા) તા.૩૧/૦૩/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર ઠક્કરનગર ચાર રસ્તા પાસે ભાગ્યોદય હોટલ નજીક ઉભા હતા ત્યારે સ્પોર્ટસ મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ હિતેશભાઇના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ હિતેશભાઇ મગનાનીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.પુવાર ચલાવે છે.

નારોલઃ ગંગાબહેન વા/ઓ રમેશભાઇ મકવાણા (ઉ.વ.૬૫)(રહે.વૈદેહી સોસાયટી, નવરંગ ટેનામેન્ટ પાછળ, ગેબન શાહ પાસે, ઇસનપુર) તા.૦૧/૦૪/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે ઇસનપુર રત્નાપાર્કની બહાર આવેલ આશા પાર્લર નજીકથી રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગંગાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૯૦,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગંગાબહેન મકવાણાએ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરસીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૪૭૪/૨૦૨૬**

અમરાઇવાડીઃ દિલીપભાઇ રત્નાભાઇ ચૌહાણ (ઉ.વ.૪૨)(રહે. આશાપુરીનગર મેટ્રો સ્ટેશન સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૪/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે જલદ પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન બપોરના ૪/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિશોરસિંહ ગુલાબસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી